# વિષય : સામાજિક વિજ્ઞાન

## ધોરણ : 10

સમય : 75 મિનિટ **પ્રશ્નપત્ર - 4** કુલ ગુણ : 50

## PART-A

- નીચે આપેલા 1 થી 50 હેતુલક્ષી પ્રશ્નો ફરજિયાત છે.
- પ્રશ્નોની સાથે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી OMR પદ્ધતિથી જવાબ આપવાના રહેશે.

(1) આર્યો કઈ પ્રજાને નિષાદ કહેતા હતા ?
(A) મોંગોલોઈડ (B) આર્યો (C) નેગ્રીટો **(D) એસ્ટ્રેલોઈડ**

(2) વિદેશીઓના ભારતીયકરણમાં કયા પરિબળે મુખ્ય ભાગ ભજવ્યો હતો ?
**(A) ધર્મે** (B) વિચારોએ (C) ભાષાએ (D) રહેણીકરણીએ

(3) ગુજરાતનું કયું શહેર અકીકના વેપારનું મહત્વનું કેન્દ્ર છે ?
(A) અમદાવાદ (B) ડીસા **(C) ખંભાત** (D) સુરત

(4) ભારતનો કયો ગ્રંથ સંગીતની ગંગોત્રી ગણાય છે ?
(A) યજુર્વેદ (B) અથર્વવેદ **(C) સામવેદ** (D) ઋગ્વેદ

(5) મોઢેરાનું સૂર્યમંદિર કોના શાસનમાં બંધાયુ હતું ?
(A) મૂળરાજ સોલંકી **(B) ભીમદેવ પહેલો** (C) સિધ્ધરાજ સોલંકી (D) ભીમદેવ બીજો

(6) ઈલોરાની ગુફાનું કૈલાસ મંદિર કયા રાજવીઓની દેન છે ?
(A) સાત વાહન (B) પાંડ્ય **(C) રાષ્ટ્રકૂટ** (D) પલ્લવ

(7) પ્રાચીન ભારતનું સૌથી મોટું મંદિર કયું છે ?
**(A) બૃહદેશ્વર** (B) મહાબલિપુરમ (C) કૈલાસનાથ (D) કોણાર્ક

(8) ભારતમાં બંધારણ માન્ય ભાષાઓ કેટલી છે ?
(A) 16 (B) 20 **(C) 18** (D) 15

(9) બ્રાહ્મણગ્રંથોના પરિશિષ્ટો તે......
(A) વેદગ્રંથો (B) સ્મૃતિગ્રંથો (C) દાર્શનિક ગ્રંથો **(D) આરણ્યક ગ્રંથો**

(10) બૌધ્ધ ધર્મના પવિત્ર ગ્રંથનું નામ.......
(A) કલ્પસૂત્ર (B) ભગવદ ગીતા **(C) ત્રિપિટક** (D) સારિપુત્ર પ્રકરણ

(11) વિજયનગરનો છેલ્લો રાજા કોણ હતો ?
**(A) રામરાય** (B) કૃષ્ણદેવરાય (C) રાજરાજ (D) બુકકારાય

(12) તાજમહેલ કઈ નદીના કિનારે આવેલો છે ?
(A) ગંગા **(B) યમુના** (C) ગંડક (D) ગોમતી

(13) ફતેહપુરી સિકરી શહેર વસાવનાર બાદશાહ કોણ હતા ?
(A) બાબર (B) શાહજહાં **(C) અકબર** (D) હુમાયુ

(14) પોંગલ કયા રાજ્યનો મુખ્ય તહેવાર છે ?
(A) કર્ણાટક **(B) તમિલનાડુ** (C) કેરળ (D) આંધ્રપ્રદેશ

(15) અસમનો મુખ્ય તહેવાર કયો છે ?
**(A) બિહુ** (B) ગણગોર (C) ઓનમ (D) ગણેશચતુર્થી

(16) વન્ય જીવોને લગતો કાયદો ક્યારે અસ્તિત્વમાં આવ્યો ?
(A) 1962 માં **(B) 1972 માં** (C) 1970 માં (D) 1992 માં

(17) રાજસ્થાનનાં વનોનું મુખ્ય વૃક્ષ કયું છે ?
**(A) ખેજડી** (B) અંબાડો (C) ખીજડો (D) ખાખરો

(18) મહારાષ્ટ્રના મુખ્ય ઉપવનનું નામ શું છે ?
(A) શામલાત દેહ **(B) દેહરહતી** (C) લિંગદોહ (D) ઓરન

(19) કયું સંસાધન નવીનીકરણીય છે ?
(A) ખનીજ તેલ **(B) બાયોગેસ** (C) ખનીજ કોલસો (D) કુદરતી વાયુ

(20) ભારતની આબોહવા કેવા પ્રકારની છે ?
(A) ગરમ અને ભેજવાળી (B) શીતળ અને ભેજવાળી (C) ગરમ અને સુકી **(D) મોસમી**

(21) ભારતની ભૂમિનો કેટલો ભાગ મેદાની છે ?
**(A) 43 %** (B) 57 % (C) 30 % (D) 27 %

(22) કેરલમાં આવેલું અભ્યારણ્ય કયું છે ?
(A) દચીગામ **(B) પેરિયાર** (C) મદુમલાઈ (D) ચંદ્રપ્રભા

(23) 2 થી 9 ઓક્ટોબર દરમિયાન શું ઊજવવામાં આવે છે ?
(A) વન મહોત્સવ **(B) વન્ય પ્રાણી સપ્તાહ** (C) વિશ્વ પ્રકૃતિ સપ્તાહ (D) પર્યાવરણ સપ્તાહ

(24) ભારતમાં ઘઉંનું સૌથી વધુ ઉત્પાદન કયા રાજ્યમાં થાય છે ?
**(A) પંજાબ** (B) મધ્યપ્રદેશ (C) હરિયાણા (D) ઉત્તર પ્રદેશ

(25) હીરાકુંડ યોજના કયા રાજ્યની મુખ્ય બહુહેતુક યોજના છે ?
(A) બિહાર **(B) ઓરિસ્સા** (C) પશ્ચિમ બંગાળ (D) ઝારખંડ

(26) વિશ્વના કુલ લોખંડનો કેટલો જથ્થો ભારતમાં છે ?
**(A) 20 %** (B) 40 % (C) 30 % (D) 50 %

(27) બોક્સાઈડમાંથી કઈ ધાતુ મેળવવામાં આવે છે ?
(A) બેરિયમ **(B) એલ્યુમિનિયમ** (C) બેરિલિયમ (D) સીસું

(28) ગુજરાતના કયા જિલ્લામાં ઊંચી જાતનો ચૂનોનો પત્થર મળે છે ?
**(A) જામનગર** (B) જૂનાગઢ (C) અમરેલી (D) ખેડા

(29) કયા પ્રકારના કોલસાને ગરમ કરતાં તેમાંથી ડામર મળે છે ?
**(A) બિટ્યૂમિનસ** (B) એન્થ્રેસાઈટ (C) લિગ્નાઈટ (D) પીટ

(30) ભારતમાં સૌથી વધુ ખનીજતેલ અને કુદરતી વાયુ કયા ક્ષેત્રમાંથી મળે છે ?
(A) ગાંધાર **(B) બોમ્બે હાઈ** (C) અંકલેશ્વર (D) વસઈ

(31) ગુજરાતનું સૌથી મહત્વનું ખનીજ તેલ ક્ષેત્ર કયું છે ?

**(A) અંકલેશ્વર** (B) સાણંદ (C) કલોલ (D) લુણેજ

(32) ભારતમાં સર્વપ્રથમ વિન્ડફાર્મ કઈ જગ્યાએ સ્થપાયું છે ?

(A) કંડલા (B) લાંબા (C) માંડવી **(D) તુતીકોરીન**

(33) ભારતમાં શણનું પહેલું કારખાનું કયાં સ્થપાયું હતું ?

**(A) રિશરામાં** (B) ટીટાગઢમાં (C) શ્રીરામપુરમાં (D) કૃષ્ણનગરમાં

(34) ભારતમાં સિમેન્ટનું પહેલું કારખાનું કયાં સ્થપાયું ?

(A) મુંબઈમાં (B) દિલ્લીમાં (C) કોલકત્તામાં **(D) ચેન્નાઈમાં**

(35) ભારતમાં સૌથી વધુ વહાણવટુ કઈ નદીમાં થાય છે ?

(A) બ્રહ્મપુત્ર (B) નર્મદા (C) ગોદાવરી **(D) હુગલી**

**(36)** વિકાસશીલ દેશોની મુખ્ય આર્થિક પ્રવૃત્તિ કઈ છે ?

(A) વહાણવટાની સેવાઓ **(B) ખેતી** (C) ઉદ્યોગો (D) વાહનવ્યવહાર

(37) કઈ આર્થિક પ્રવૃત્તિ સેવા ક્ષેત્રની પ્રવૃત્તિ છે ?

**(A) શિક્ષણ** (B) વનસંવર્ધન (C) વીજળી (D) કારખાના

(38) ઓસ્ટ્રેલિયામાં કેટલા ટકા લોકો ખેતીમાંથી રોજગારી મેળવે છે ?

**(A) 5 %** (B) 12 % (C) 8 % (D) 15 %

(39) કોઈ એક દેશનાં અર્થતંત્રમાં ઉત્પાદનનાં સાધનો અંગે મુખ્યત્વે કઈ સમસ્યા હોય છે ?

(A) કાર્યક્ષમતાની (B) ગુણવત્તાની **(C) અછતની** (D) ઉપયોગની

(40) વિશ્વ વ્યાપાર સંગઠનનું વડુ મથક કયાં છે ?

(A) પેરિસ **(B) જિનીવા** (C) લંડન (D) વિયેના

(41) ભારતીય અર્થતંત્રમાં નાણાંનો પુરવઠો કોણ વધારી-ઘટાડી શકે છે ?

(A) રાષ્ટ્રીયકૃત બેંકો **(B) રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા**

(C) ગ્રાહકો (D) કેન્દ્રીય નાણામંત્રી

(42) ગ્રાહકે શેની ચોકસાઈ કરીને વસ્તુ ખરીદવી જોઈએ ?

**(A) ગુણવત્તા** (B) વજન (C) દેખાવ (D) પેકિંગ

(43) કોણ બજારનો રાજા ગણાય છે ?

(A) વેપારી **(B) ગ્રાહક** (C) ઉત્પાદક (D) વિક્રેતા

(44) કેરળમાં એક હજાર પુરુષોએ સ્ત્રીઓની સંખ્યા કેટલી છે ?

(A) 1090 (B) 1028 (C) 1067 **(D) 1086**

(45) ભારતે મહિલા સશક્તિકરણ વર્ષ તરીકે કયા વર્ષને ઉજવ્યું છે ?

(A) 1980 (B) 2001 **(C) 2002** (D) 1975

**(46)** કટ્ટરપંથીઓ દરેક નાગરિકને કઈ દૃષ્ટિથી જોવે છે ?

(A) સાંસ્કૃતિક (B) વિભાજીત **(C) સાંપ્રદાયિક** (D) સામાજિક

(47) ભારતમાં સૌથી મોટો લઘુમતી સમુદાય કયો છે ?

(A) શીખ (B) ખ્રિસ્તી (C) પારસી **(D) મુસ્લિમ**

(48) વિશ્વમાં સૌથી વધારે બાળમજૂરો કયા દેશમાં છે ?

(A) રશિયા (B) ચીન **(C) ભારત** (D) ચીન

(49) સંયુક્ત રાષ્ટ્રોએ કયા વર્ષને આંતરરાષ્ટ્રીય વિકલાંગ વર્ષ જાહેર કર્યું ?

**(A) 1981** (B) 1988 (C) 1992 (D) 1972

(50) કઈ પ્રવૃત્તિને અસામાજિક પ્રવૃત્તિ કહી શકાય ?

(A) સૌજન્યતા (B) ગુપ્તદાન (C) શિષ્ટાચાર **(D) ભ્રષ્ટાચાર**

❖ ❖ ❖

| સમય : 2 કલાક | **PART-B** | કુલ ગુણ : 50 |
|---|---|---|

- આ પ્રશ્નપત્રમાં કુલ ચાર પેટા વિભાગો છે.
- બધા જ પ્રશ્નો ફરજિયાત છે.
- સૂચના પ્રમાણે આકૃતિનો સ્વચ્છ, સ્પષ્ટ અને પ્રમાણસર દોરવી.
- જમણી બાજુના અંક પ્રશ્નના ગુણ દર્શાવે છે.

## SECTION-A

**❒ નીચે આપેલા પ્રશ્નક્રમાંક-1 થી 5 ના ગુણ સરખા છે. દરેકના બે ગુણ છે. માગ્યા મુજબ ઉત્તર આપો. (10)**

1) ભારતના પ્રાકૃતિક અને સાંસ્કૃતિક વારસાનો તફાવત જણાવો.
2) ગાંધાર શૈલીનો પરિચય આપો.
3) ભારતના સુપ્રસિદ્ધ કિલ્લાઓ કયા કયા છે ? **અથવા**
3) ભારતમાં ઉજવાતા મુખ્ય તહેવારો જણાવો.
4) ભારતમાં જંગલોનું વિતરણ અસમાન રીતે થયું છે ?
5) ભારતમાં કૃષિ માટે કઈ કઈ અનુકૂળતાઓ છે ?

## SECTION-B

**❒ નીચે આપેલા પ્રશ્નક્રમાંક-6 થી 10 ના ગુણ સરખા છે. દરેકના બે ગુણ છે. માગ્યા મુજબ ઉત્તર આપો. (10)**

6) ભારતમાં સુતરાઉ કાપડ ઉદ્યોગ સામે કઈ કઈ સમસ્યાઓ છે ? **અથવા**
6) માલિકીને આધારે ઉદ્યોગોને કયા કયા જૂથોમાં વહેંચવામાં આવે છે ?
7) જલ પ્લાવિત ક્ષેત્ર શું છે ?
8) આતંકવાદી અને ક્રાંતિકારી વચ્ચેનો તફાવત જણાવો.
9) ભાવ નિયંત્રણ શા માટે જરૂરી છે ?
10) કાયદાની જાણકારી શા માટે આવશ્યક છે ?

## SECTION-C

**❒ નીચે આપેલા પ્રશ્નક્રમાંક-11 થી 15 ના ગુણ સરખા છે. દરેકના ત્રણ ગુણ છે. માગ્યા મુજબ ઉત્તર આપો. (15)**

11) વાસ્તુશાસ્ત્રમાં કઈ માહિતીનો સમાવેશ થાય છે ?
12) 'સંગીત પારિજાત' વિશે નોંધ લખો. **અથવા**
12) મહાકવિ કાલિદાસ વિશે નોંધ લખો.
13) મહાકાવ્યો તરીકે રામાયણ-મહાભારતનો પરિચય આપો.
14) ડાંગરના પાક માટેની અનુકૂળતા જણાવો.
15) પર્યાવરણની સુરક્ષા માટે કયા પગલાં લેવામાં આવ્યા છે ? **અથવા**
15) વિશ્વ વ્યાપાર સંગઠનમાં જોડાવાથી ભારતને કયા લાભ થશે.

## SECTION-D

**❒ નીચે આપેલા પ્રશ્નક્રમાંક-16 થી 18 ના ગુણ સરખા છે. દરેકના પાંચ ગુણ છે. માગ્યા મુજબ ઉત્તર આપો. (15)**

16) 'ભારતની વિવિધતામાં એકતા' વિશે ઉદાહરણ સહિત સમજૂતી આપો.
17) ગરીબી માટે જવાબદાર કારણો જણાવો. **અથવા**
17) (અ) વિશ્વ શ્રમ બજાર વિશે નોંધ લખો.
(બ) સંપૂર્ણ ગ્રામીણ રોજગાર યોજના વિશે નોંધ લખો.
18) તમને આપેલા ભારતના રેખાંકિત નકશામાં નીચેની વિગતો યોગ્ય સંજ્ઞા વડે યોગ્ય સ્થાને દર્શાવો.
1) ચા પકવતો પ્રદેશ 2) કોસી યોજના 3) તાંબુ ઉત્પન્ન કરતો પ્રદેશ
4) લોખંડ પોલાદ ઉદ્યોગનું કેન્દ્ર દર્શાવો. 5) મુંબઈથી દિલ્લી જતો રેલમાર્ગ વચ્ચે એક અટક સ્થાન દર્શાવો.

✤ ✤ ✤